# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૪ તા.૧૯-૧૦-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ એસએમસી, એસએમડીસી તથા કેએમસીમાં PFMS અંતર્ગત ZBA (ZERO BALANCE CCOUNT) (એસએનએ) સિસ્ટમના અમલીકરણ બાબત.

સંદર્ભઃ ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસર શ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એસએસએ/ હસબ/ ૨૦૨૨/ ૧૧૨૪૩–૧૧૩૧૩ તા. ૦૭.૦૪.૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લા, યુઆરસી, સીઆરસી, એસએમસી, એસએમડીસી તથા કેએમસી કક્ષાએ ઝીરો બેલેન્સ / નોન ફંડેડ બેંક એકાઉન્ટ (એસએનએ) સીસ્ટમની અમલવારી કરવાની થાય છે.ભારત સરકારના નાંણા વિભાગના પત્ર નં. F.NO.1(13)PFMS/FCD/2020, Dt. 23.03.21 અને ભારત સરકાર માનવ શિક્ષા મંત્રાલયના પત્ર નં. ૪–૪/૨૦૨૧ આઈ.એસ. ૨, તા. ૨૪.૦૫.૨૧ તેમજ નાંણા વિભાગના પત્ર નં. સીએસએસ/ ૧૦૨૦૨૦/ જીઓઆઈ–૫૧/ એફ.આર. તા. ૨૪.૦૫.૨૧ અન્વયે સી. એસ. એસ.(Centrally Sponsored Scheme) યોજના હેઠળ સીંગલ નોડલ એજન્સી તરીકે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની નિમણુંક કરેલ હોઈ ઝીરો બેલેન્સ / નોન ફંડેડ બેંક એકાઉન્ટ ખોલવા માટેની પ્રકિયા પૂર્ણ કરેલ છે. જેમાં જિલ્લા કચેરીના જિલ્લાના, યુઆરસી, સીઆરસી, એસએમસી, એસએમડીસી તથા કેએમસી ના આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ઝીરો બેલેન્સ બેંક ખાતાં ખોલાવામાં આવેલ છે. હાલમાં જિલ્લા કચેરીએ, યુઆરસી તથા સીઆરસી કક્ષાએ PFMS અંતર્ગત ZBA (ZERO BALANCE ACCOUNT) (એસએનએ) સિસ્ટમની અમલવારી ચાલુ છે. એસએમસી, એસએમડીસી તથા કેએમસી ના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ધ્વારા ZBA (ZERO BALANCE ACCOUNT) ખોલવામાં આવેલ છે તથા એસએમસી, એસએમડીસી તથા કેએમસી કક્ષાએ પણ PFMS અંતર્ગત ZBA (ZERO BALANCE ACCOUNT) (એસએનએ) સિસ્ટમની અમલવારી ચાલુ કરેલ છે. જે માટે નીચે મુજબની બાબત જિલ્લાની તમામ એસએમસી, એસએમડીસી તથા કેએમસી ને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

**એસએમસી, એસએમડીસી તથા કેએમસીએ ખાસ ધ્યાને લેવાની બાબતો**

(૧) જિલ્લા કક્ષાએથી તમામ તાલુકાના યુઆરસી કો. ઓર્ડિ. ને એસએમસી, એસએમડીસી તથા કેએમસીના PFMS એડમીન લાગીન આઈડી, પાસવર્ડ તથા આઈસીઆઈસીઆઈ બેંક ખાતા નંબર મોકલી આપેલ છે જેથી જે તે તાલુકની તમામ એસએમસી, એસએમડીસી તથા કેએમસી એ આપના કલ્સટરના સીઆરસી કો. ઓર્ડિ. જોડેથી PFMS એડમીન લાગીન આઈડી, પાસવર્ડ તથા આઈસીઆઈસીઆઈ બેંક ખાતા નંબર મેળવી લેવાના રહેશે.આ PFMS એડમીન લાગીન આઈડી, પાસવર્ડ તમામ મુખ્ય શિક્ષકએ ગુપ્ત રાખવાના રહેશે.

(૨) જિલ્લા કક્ષાએથી હવે પછી એસએમસી, એસએમડીસી તથા કેએમસી માં જીઓઆઈ અંતર્ગતની ગ્રાન્ટ માટેPFMS માં આઈસીઆઈસી બેંક ખાતામાં ગ્રાન્ટ લિમીટ આપવામાં આવશે અન્ય કોઈ બેંક ખાતામાં જીઓઆઈ અંતર્ગતની ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહિ. તમામ સબંધિતોએ આની ખાસ નોંધ લેવી.

(૩) યુઆરસી તથા સીઆરસી કક્ષાએ તેમજ કેટલાંક એસએમસી, એસએમડીસી તથા કેએમસી એ આ અગાઉ PFMS થી કામગીરી કરેલ છે તે મુજબ જ કામગીરી કરવાની છે આમાં કોઈ નવું નથી, **ફકત PFMS થી ખર્ચ કરતા GJ209 ની સ્કીમ સ્લેકટ કરવાની રહેશે તથા આઈસીઆઈસીઆઈ બેંક ખાતું સ્લેકટ કરવાનું રહેશે.**

(૪) જિલ્લા કચેરીએથી જિલ્લાની તમામ ઝોનની તમામ એસએમસી, એસએમડીસી તથા કેએમસી માં **PFMS અંતર્ગત GJ209 ની સ્કીમમાં SNA (સ્ટેટ નોડલ એજન્સી) અંતર્ગત ZBA (zero Balance Accont) મુજબ આઈસીઆઈસીઆઈ બેંક ખાતું એડ કરી અપ્રુવ કરેલ છે.** જે આપની જાણ સારૂ.

(૫) એસએમસી, એસએમડીસી તથા કેએમસી એ PFMS અંતર્ગત મેકર તથા ચેકર ના આઈડી બનાવેલ હોઈ તો ફરીથી આ આઈડી બનાવવાના રહેતા નથી. અગાઉ મેકર ચેકરના આઈડી બનાવેલ હોઈ પરંતુ ખબર ના હોઈતો એસએમસી, એસએમડીસી તથા કેએમસી PFMS એડમીન લાગીન આઈડી લોગીન થઈ જોઈ શકશે જે પ્રમાણે છે.(ADMIN LOGIN–MASTER–USER–MANAGE–SEARCH)

(૬) PFMS તાલીમના ૨ વિડીઓ (પાર્ટ ૧ અને ૨ ) તથા પીડીએફની ૨ ફાઈલ (પાર્ટ ૧ અને ૨ ) તમામ યુઆરસી તથા સીઆરસી કક્ષાએ આરસી કો. ઓર્ડિનેટર શ્રી ને મોકલી આપવામાં આવેલ છે જે આપ તમામ ને મળી ગયા હશે.આ તાલીમના ૨ વિડઓ (પાર્ટ ૧ અને ૨ ) તથા પીડીએફની ૨ ફાઈલ (પાર્ટ ૧ અને ૨ ) તમામ મુખ્ય શિક્ષકએ આનો ખૂબજ ધ્યાનથી અભ્યાસ કરવાનો રહેશે. જેથી PFMS અંતર્ગતના મોટા ભાગના પ્રશ્નોનું સોલ્યુશન આવી જશે.

(૭) એસએમસી, એસએમડીસી તથા કેએમસીમાં મુખ્ય શિક્ષક બદલી કરાવીને આવેલ હોઈ અથવા નવા આવેલ હોઈ તથા પ્રોમેનન્ટ સભ્ય નવા આવેલ હોઈ તો આપના સ્કુલની નજીકની આઈસીઆઈસીઆઈ બેંકમાં જઈ સહીના નમુના બદલાવવાના રહેશે જે માટે જિલ્લા કચેરીએથી આઈસીઆઈસીઆઈ બેંકમાં પત્ર કરેલ છે.

(૮) જિલ્લાની તમામ એસએમસી, એસએમડીસી તથા કેએમસી જણાવવાનું કે બેંકમાં ગ્રાન્ટ જમાં કરાવવી તથા ગ્રાન્ટ લિમીટ આપવી તેમાં ફરક છે. PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ના બેંક ખાતામાં ગ્રાન્ટ લિમીટ આપવામાં આવશે ત્યારે આપ આઈસીઆઈસીઆઈ ના બેંક ખાતામાં બેલેન્સ ચેક કરશો તો બેલેન્સ શૂન્ય (૦) બતાવશે પરંતુ એસએમસી, એસએમડીસી તથા કેએમસી PFMS એડમીન લાગીન આઈડી માં લોગીન થઈ ચેક કરશે ત્યારે ગ્રાન્ટ લિમીટ જોઈ શકાશે. વધુમાં આપને જણાવવાનું કે PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટથી કોઈ ખર્ચ કરવામાં આવશે ત્યારે તેજ સમયે આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટ આપના ધ્વારા જેટલા રૂપિયાનો ખર્ચ કરયો હશે તેટલા રૂપિયા આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટમાં ક્રેડીટ થશે અને તેજ સમયે તેટલા રૂપિયા આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટ માંથી ડેબીટ થઈ જશે.એટલેકે આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટમાં શૂન્ય (૦) બેલેન્સ થઈ જશે. ઉપરોકત ગ્રાન્ટ લિમીટ ચેક કરવા માટેઃ (ADMIN LOGIN – MASTER – DRAWING BALANCE)

(૯) એસએમસી, એસએમડીસી તથા કેએમસી PFMS અંતર્ગત ડિઝીટલ સિગ્નેચર તથા પ્રિન્ટ એડવાઈઝ જનરેટ કરી પેમેન્ટ કરી શકાશે. જો ડિઝીટલ સિગ્નેચર આવેલ ના હોઈ તો પ્રિન્ટ એડવાઈઝ થી પેમેન્ટ કરવાનું રહેશે તથા ડિઝીટલ સિગ્નેચર વહેલી તકે કઢાવી દેવાની રહેશે.

(૧૦) એસએમસી, એસએમડીસી તથા કેએમસીના જે મુખ્ય શિક્ષક તથા પ્રોમેનન્ટ સભ્યની ડિઝીટલ સિગ્નેચર કઢાવવાની બાકી હોઈ તો વહેલી તકે કઢાવી દેવાની રહેશે. વધુમાં આપને જણાવવાનું કે જો કોઈ મુખ્ય શિક્ષકની બદલી થઈ હોઈ અને ડિઝીટલ સિગ્નેચર કઢાવેલ હોઈ તો ફરીથી ડિઝીટલ સિગ્નેચર કઢાવવાની થતી નથી. જે જગ્યાએ બદલીથયેલ હોઈ ત્યાં ડિઝીટલ સિગ્નેચર સાથે લઈને જવાની રહેશે. જે મુખ્ય શિક્ષક નવા આવેલ હોઈ, બદલી થઈને આવેલ હોઈ પરંતુ ડિઝીટલ સિગ્નેચર કઢાવવાની બાકી હોઈ તો વહેલી તકે કઢાવી દેવાની રહેશે તેમજ જે પ્રોમેનન્ટ સભ્ય નવા આવેલ હોઈ તેમને પણ ડિઝીટલ સિગ્નેચર કઢાવવાની બાકી હોઈ તો વહેલી તકે કઢાવી દેવાની રહેશે.

(૧૧) PFMS અંતર્ગત યુઆરસી તથા સીઆરસી કક્ષાએ હાલ કામગીરી કાર્યરત છે. જિલ્લાના તમામ યુઆરસી તથા સીઆરસી કક્ષાએ યુઆરસી તથા સીઆરસીને PFMS અંતર્ગત કામગીરીની પુરતી જાણકારી છે તો આ બાબતે જિલ્લાના તમામ યુઆરસી કો. ઓર્ડિ. શ્રી ને જણાવવાનું કે આપણા ઝોનના તમામ સીઆરસી કો. ઓર્ડિ. શ્રી ને સુચના આપવી કે તેમના કલ્સટરમાં આવતી તમામ એસએમસી, એસએમડીસી તથા કેએમસીને PFMS અંતર્ગત કામગીરી માટે મદદ (HELP) કરે જે ખૂબજ જરૂરી છે.

(૧૨) જિલ્લાની અત્રેની કચેરીએથી એસએમસી, એસએમડીસી તથા કેએમસીને PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટ માં જે ગ્રાન્ટ લિમીટ આપેલ છે અને અગાઉ જે ગ્રાન્ટ લિમીટ આપવામાં આવશે તેની ગુગલ શીટ યુઆરસી કો. ઓર્ડિ. શ્રી ને મોકલેલ છે. જિલ્લાના તમામ યુઆરસી કો. ઓર્ડિ. શ્રી ને જણાવવાનું કે આ ગુગલ શીટ દરરોજ ચેક કરવાની રહેશે તથા આ PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટ માં જે ગ્રાન્ટ લિમીટ આપેલ છે અને અગાઉ આપવામાં આવશે તે માહિતી સીઆરસી કો. ઓર્ડિ. શ્રી દ્વારા જિલ્લાની તમામ એસએમસી, એસએમડીસી તથા કેએમસી સુધી પહોંચી જાય તે બાબતી ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧૩) જિલ્લાની અત્રેની કચેરીએથી એસએમસી, એસએમડીસી તથા કેએમસીને PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટ માં જે ગ્રાન્ટ લિમીટ વર્ષ દરમ્યાન આપવામાં આવશે તે ગ્રાન્ટ લિમીટ વર્ષ પૂર્ણ થતા એટલેકે ૩૧.૦૩.૨૦૨૪ ના રોજ રાત્રે ૧૨:૦૦ વાગ્યે એસએમસી, એસએમડીસી તથા કેએમસીને PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટ માં જે ગ્રાન્ટ લિમીટ બાકી હશે તે ઓટો સિસ્ટમથી પાછી ખેંચાઈ જશે. જે આપણી જાણ સારૂ.

(૧૪) જિલ્લાની જે એસએમસી, એસએમડીસી તથા કેએમસીના બેંક ખાતા નંબર આઈસીઆઈસીઆઈ બેંકમાંથી આવેલ નથી તે વહેલી તકે આઈસીઆઈસીઆઈ બેંકમાંથી મેળવી PFMS અંતર્ગત આઈસીઆઈસીઆઈ ZBA એકાઉન્ટમાં જિલ્લા કચેરીએથી એડ કરી આપને મોકલી આપવામાં આવશે. જે જાણ સારૂ.

(૧૫) PFMS સોફ્ટવેરએ પેમેન્ટ(નાણાં) ચૂકવવા માટેનું સોફ્ટવેર છે. જયારે ટેલી સોફ્ટવેર હિસાબો નિભાવવા માટેનું છે. ટેલી સોફ્ટવેરમાં હિસાબો ભિાવવા ખાસ જરુરી છે જે ખાસ ધ્યાનમાં લેવું

(૧૬) PFMS અંતર્ગત કોઈ પ્રશ્ન હોઈ તો જિલ્લાના પીએફએમએસ કો. ઓર્ડિ., સોનલબેન, તબસ્સુમબેન, આપના ઝોનના સીઆરસી કો. ઓર્ડિ. શ્રી નો તથા યુઆરસી કો. ઓર્ડિ. શ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

તા.૧૯-૧૦-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી